*If you want to fly, We provide wings...*

# ICE®

# TRENDING CURRENT

## TOPIC 36

## સૂરજકુંડ હસ્તકલા મેળો



- ચર્ચામાં શા માટે ?
- સૂરજકુંડ મેળા વિશે :-
- સૂરજકુંડ વિશે :-


સંપાદક

મૌલિક ગોંધિયા

(Director - ICE)



**TOPIC-36નો વીડિયો જોવા માટે અહીં CLICK કરો**

YouTube

ICE RAJKOT

SUBSCRIBE

માટે અહીં CLICK કરો

અમારી સાથે જોડાયેલા રહો :

www.iceonline.in | t.me/icerajkotofficial | 9375701110/9328001110




- 1 ફેબ્રુઆરી, 2020ના રોજ ભારતના રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદ 34માં આંતરરાષ્ટ્રીય સૂરજકુંડ મેળાનું ઉદ્‌ઘાટન કરશે.
- હરિયાણા રાજ્ય દ્વારા ફરીદાબાદમાં આ મેળાનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

## સૂરજકુંડ મેળા વિશે :-

- આંતરરાષ્ટ્રીય સૂરજકુંડ હસ્તકલા મેળો એ વિશ્વનો સૌથી મોટો હસ્તકલા મેળો છે.
- સૂરજકુંડ સરોવરની પાસે વર્ષ 1987થી દર વર્ષે આ મેળાનું આયોજન સામાન્ય રીતે 1 થી 15 ફેબ્રુઆરી સુધી 40 એકર જમીન વિસ્તારમાં કરવામાં આવે છે.
- આ મેળામાં ભારતના દરેક રાજ્યો તથા વિશ્વના 20 જેટલાં દેશ ભાગ લે છે.
- દર વર્ષે ભારતના કોઈ રાજ્યને 'થીમ સ્ટેટ' તરીકે પસંદ કરવામાં આવે છે અને મેળાના પ્રવેશદ્વાર પાસે તે રાજ્યની સંસ્કૃતિ તથા કલાની વિશિષ્ટ લાક્ષણિકતા દર્શાવવામાં આવે છે.
- આ વર્ષે થીમ સ્ટેટ તરીકે હિમાચલ પ્રદેશની પસંદગી કરવામાં આવી છે. તથા મેળામાં ભાગીદાર દેશ (Partnership Country) તરીકે ઉઝબેકિસ્તાન છે.
- આ 15 દિવસમાં લાખો પ્રવાસીઓ આ મેળાની મુલાકાત લે છે જેમાં હજારો આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓનો પણ સમાવેશ થાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ મેળો ભારતની હસ્તકલાની સમૃદ્ધતા, વૈવિધ્યતા અને ભારતના સાંસ્કૃતિક ગઠબંધનનો અનુભવ સમગ્ર દુનિયાને કરાવે છે.
- આ મેળાનું આયોજન સૂરજકુંડ મેળા ઓથોરિટી અને હરિયાણા ટુરિઝમ દ્વારા કેન્દ્રીય પ્રવાસન, કાપડ, સંસ્કૃતિ અને આંતરરાષ્ટ્રીય કાર્ય મંત્રાલયના સહયોગથી કરવામાં આવે છે.
- આ મેળામાં એક ઓપન-થિયેટર જેવું પ્રાંગણ હોય છે જેને "ચૌપાલ" કહે છે. આ ચૌપાલમાં પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કારીગરો પોતાની કલા તથા સંસ્કૃતિનું પ્રદર્શન કરે છે.
- મેળામાં હસ્તકલા ઉપરાંત દુનિયાની વિવિધ ખાદ્ય ચીજો, એડવેન્ચર સ્પોર્ટ, સંગીત, ફ્જર, હેન્ડલુમ, નાટ્યશાળા વગેરે પણ આકર્ષણના કેન્દ્રો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સૂરજકુંડ વિશે :-

- સૂરજકુંડનું નિર્માણ 10મી સદીમાં અર્ધગોળકાર સ્વરૂપે કરવામાં આવેલ છે. તે જળસંગ્રહ માટેનું એક માનવનિર્મિત સરોવર છે.
- આ કુંડ અરવલ્લી શ્રેણીના છેડે, હરિયાણા રાજ્યના ફરીદાબાદ જિલ્લામાં આવેલ છે.
- તેવું માનવામાં આવે છે કે, તોમર વંશના રાજા સૂરજપાલ દ્વારા આ કુંડનું નિર્માણ કરવામાં આવ્યું હતું.
- એક જળસંગ્રહના સ્થળ ઉપરાંત સૂરજકુંડ મહત્ત્વનો જૈવવિવિધતા ધરાવતો વિસ્તાર પણ છે જે ઉત્તર અરવલ્લી ચિત્તા કોરિડોરનો એક ભાગ છે.

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

**Facebook**

*like* | *comment* | *share*

ICE RAJKOT

**twitter**

ICE RAJKOT